## મે.ધોળકાના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

## મુ: ધોળકા.

**<u>ક્રિમીનલ કેસ નં. : ૩૭૯૭/૨૦૨૩</u>**

**આંક:**

ફરિયાદી:– ધી સ્ટેટ ઓફ ગુજરાત

**:: વિરુધ્ધ ::**

આરોપી:– કિશનભાઈ લક્ષ્મણભાઈ પરમાર

રહે: વાલથેરા ગામ, બાવળા

**આરોપ : – ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭,૧૮૪,૧૮૫ તથા પ્રોહી એકટ ની કલમ ૬૬(૧)બી મુજબ**

(૧) આજ રોજ નામદાર નેશનલ લીગલ સવિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીગ રાખેલ છે.

(૧.૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપી પીધેલ હાલતમા વાહન હંકારેલ હોઈ. જેથી ધોળકા પો.સ્ટે.માં ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭,૧૮૪,૧૮૫ તથા પ્રોહી એકટ ની કલમ ૬૬(૧)બી મુજબ મુજબનો ગુનો નોંધાવતા,આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો

મળાતા આવતા આ કામે ચાર્જશીટ રજુ કરવામાં આવે છે.

(૨) આરોપી આજ રોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે અને આરોપી ની પ્લી નોંધવામાં આવેલ છે. અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોવાની ગુન્હા કબૂલાત પુરશીશ આપી તેની સામેનો ગુન્હો કબૂલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનુ જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે. અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન– મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે.તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–::હુકમ::–**

(૧)–  આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની  કલમ– ૨૫૨ મુજબ ઈ.પી.કો કલમ– ૨૭૯ અને ૩૩૭ ના કામે આરોપી ને રૂા–૭૫૦/–( અંકે રૂપિયા સાતસો પચાસ પુરા) તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૮૫ મુજબના ગુના માટે આરોપી ને રૂા–૫૫૦૦/–( અંકે પાંચ હજાર પાંચસો રૂપિયા પુરા) તથા પ્રોહી એકટ ની કલમ ૬૬(૧)બી માટે રૂા ૧૦૦/– (એક સો પુરા) આમ કુલ આરોપી ને રૂા– ૬૩૫૦/– (એકં રૂપિયા છ હજાર ત્રણસો પચાસ પુરા) દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને  જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન–૭ ની સાદી કેદની  સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **સ્પેશીયલ સીટીગ નેશનલ લોક અદાલત**માં ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**તારીખ:–૨૨/૦૬/૨૦૨૪** **(એન.બી.મુૈનશી)**

સ્થળ: ધોળકા. **એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ,ધોળકા.**

**Judge Code No-GJ00735**